અનુસૂચિત જનજાતિના નાના વ્યવસાયકારોને
વ્યવસાયનુ સ્થળ અથવા દુકાન ખરીદવા માટે
નાણાકીય સહાય આપવાની યોજના.

---

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
( આદિજાતિ પ્રભાગ )
ઠરાવ ક્રમાંક- ટીએસપી-૧૦૮૯/૧૫૫૬/ઘ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૪/૧૦/૧૯૯૦.

વંચાણમાં લીધા: નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગરના પત્ર ક્રમાંક: સક/ યોજના/૮૯/ન.બા/૮૫૧, તા,૨૪/૧૪/૮૯

**ઠ રા વ :**

અનુસૂચિત જનજાતિના જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા નાના વ્યવસાયકારોને શહેરના બજાર ([illegible]) માં વ્યવસાયનુ સ્થળ અથવા દુકાન ખરીદવા માટે વ્યકિતદીઠ અધિકતમ રૂ. ૧૦,૦૦૦/-( એક રુપિયા દસ હજાર પુરા ) ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૨૦ ટકા સબસીડી અને અધિકતમ રૂ. ૪૦,૦૦૦/- ( રુપિયા ચાલીસ હજાર પુરા ) ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૮૦ ટકા લોન આપવાનુ આથી ઠરાવવામાં આવે છે. નિયત થયેલ શરતો અને બોલીઓને આધિન રહીને સબસીડી/ લોનની ચુકવણી કરવાની રહેશે.

૨. અનુસૂચિત જનજાતિના નાના વ્યવસાયકારોને શહેરના બજારમાં વ્યવસાયનુ સ્થળ અથવા દુકાન ખરીદવા માટે ઉપરના ફકરા (૧) માં દર્શાવેલ ધોરણે નાણાંકીય સહાય અને લોન આપવા માટે ૧૯૯૦ -૯૧ ના વર્ષે ખર્ચ કરવા રૂ. ૫,૦૦,૦૦૦/- ( રૂ. ૧ લાખ સબસીડી + રૂ. ૪ લાખ લોન ) ની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૩. સબસીડી/ લોનની શરતો અને બોલીઓ હવે પછી નકકી કરવામાં આવશે. આ શરતો અને બોલીઓ નકકી થયા પછી જ સબસીડી અને લોનની રકમની સંબધિત લાભાર્થીને ચુકવણી કરવાની નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગરે તકેદારી રાખવાની રહેશે.

૪. આ અંગેનો સબસીડીનો ખર્ચ માગણી ક્રમાંક-૮૭ '' મુખ્ય સદર - ૨૨૨૫ - અનુસૂચિતજાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- ૦૨ અનુસૂચિત આદિજાતિનુ કલ્યાણ - ૧૦૨ - આર્થિક વિકાસ (૯) બીસીકે-૩૯ - બ-શહેરી વિસ્તારોમાં નાના ઉદ્યોગ સાહસિકોને નાણાકીય સહાય અને લોન અંગેનો ખર્ચ માગણી-૮૭ મુખ્ય સદર - ૬૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગો ''

//૨//

Scanned by CamScanner

માટે લોન-૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ ૮૦૦- અન્ય લોન- બીગીકે- ૩૯-૫ ઠેરો વિસ્તારોમાં નાના ( ઉદ્યોગ સાહસિકોને નાણાકીય સહાય હેઠળ ઉધારવાનો રહેશે. અને આ વર્ષ ચાલુ વર્ષે મંજુર થયેલ જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

૫. : આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાકીય સલાહકારશ્રીની તા. ૨૪/૯/૯૦ ની નોંધથી મળેલ સંમતિથી આ હુકમો બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( ગિરીશ દેસાઈ )
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Scanned by CamScanner